ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.

ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૨, ૨૯૩૯૧૧
ફેક્સ નં.(૦૨૮૩૨) ૨૩૫૦૧૨

ઈમેઈલ-info@kskvkachchhuniversity.org

વેબ-kskvkachchhuniversity.org

રેફ. નં.: કયુ/E.C.-મિનિટ્સ/૦૯/ ૬૭૩૭૬ - ૩૮૯ તા.૧૨/૩/'૦૯

પ્રતિ,
ડૉ. કે. વિ. ગોર
કચ્છ યુનિવર્સિટી
ભુજ

**વિષયઃ–** તા.૦૪/૦૩/'૦૯ નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાની મિનિટ્સ નોંધ.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૪/૦૩/'૦૯ના રોજ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની સભા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ૧૧:૩૦ કલાકે યોજાયેલ. આ સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

બિડાણ : મિનિટ્સ નોંધ.

નકલ રવાનાઃ
૧. માન. કુલપતિશ્રીના અંગત મદદનીશ તરફ માન. કુલપતિશ્રીના ધ્યાન પર મુકવા સારૂ.
૨. ફાઈલે

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા. ૪/૩/'૦૯ નાં રોજ ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :**

આજ રોજ તા.૪/૩/'૦૯ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકારી તથા નવા સભ્યશ્રીનો પરિચય આપી કુલસચિવશ્રીને મિટિંગ શરૂ કરવા સૂચના આપી.

| **સભ્યશ્રીનું નામ** | **હાજર / ગેરહાજર** |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ<br>એજ્યુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડૉ. દર્શનાબેન ધોળકીયા, ડીનશ્રી, આર્ટસ ફેકલ્ટી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠકકર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| ડૉ. બી.એસ. પટેલ<br>પ્રોફેસર તથા અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર ભવન, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી<br>ડાયરેકટરશ્રી, અંજાર એજ્યુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ, ભૂજ. | હાજર |
| શ્રી અનિલ ગોર, મેમ્બર સેક્રેટરી,<br>કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |

મિટિંગની શરૂઆતમાં જ શ્રી બેનર્જીએ રજીસ્ટ્રાર દ્વારા મિટિંગ કન્ડકટ કરવા સામે વાંધો લીધેલ જેમાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ:૧ **કુલસચિવએ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સેક્રેટરી હોય મિટિંગ સેક્રેટરી દ્વારા જ કન્ડકટ થાય તેવું શ્રી બેનર્જીના વિરોધ સાથે બહુમતીએ ઠરાવવામાં આવ્યું.**

૧. ગત્ મિનિટ્સનું વાંચન અને બહાલી :

ગત મિનિટસને નીચેના ઠરાવ સાથે મંજૂર રાખવામાં આવી.

ઠરાવ:૨ પરીક્ષા નિયામકશ્રી તથા સીસ્ટમ એન્જિનીયરશ્રીની નિમણૂંક એકટના સેકશનઃ૮૭ અન્વયે થયેલ છે તે નિમણૂંકને બન્નેની જોડાયા તારીખથી એક વર્ષનો પ્રોબેશનનો સમયગાળો ગણીને તે સમયગાળો પૂર્ણ થયેલ હોય અને તે સંદર્ભે લિગલ અભિપ્રાય મળી જતાં બન્નેની નિમણૂંકને લાંબાગાળાની નિયમિત નિમણૂંક ગણવાનો ઠરાવ શ્રી બેનર્જીનો એકટની વિરૂદ્ધના પ્રોવિઝન છે તેવા વિરોધ સાથે બહુમતીથી કરવામાં આવ્યો.

ઠરાવ:૩ વિરાયતન ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, જખણિયામાં તા.૧૬–૮–'૦૭ નાં રોજ યોજાયેલ કહેવાતા ઈન્ટરવ્યુ બાબતે તપાસ યોજવા નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.

૧. માનનીય કુલપતિશ્રી (અધ્યક્ષ)
૨. ડૉ. ભગવાનભાઈ પટેલ (સભ્ય)
૩. ડૉ. તુષારભાઈ હાથી (સભ્ય)
૪. શ્રી ચિન્મોય બેનર્જી (સભ્ય)
૫. શ્રી મહેશભાઈ આહિર (સભ્ય)

આ સમિતિએ ઉપર્યુક્ત બાબતે જરૂરી તપાસ કરી રિપોર્ટ આ સભામાં રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

<u>નોંધ:–</u> કોરમના અભાવે તા.૨૪/૨/'૦૯ નાં રોજ મુલતવી રાખવામાં આવેલ સભામાં ગત મિનિટસને બહાલી આપવામાં આવે છે તે નોંધ રદ કરી આજની સભામાં ગત મિનિટસને મંજૂર અને બહાલ રાખવામાં આવી તેવો નિર્ણય લેવામાં આવ્યો.

૨. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ, સાપેડામાં ચાલતા **B.B.A. / B.C.A./M.S.W./ M.L.W.** ના ૨૦૦૭–૦૮ તેમજ ૨૦૦૮–૦૯ ના જોડાણ અંગે વિચારણા કરવા બાબત :–

કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટિટયુટ, સાપેડામાં ચાલતા BBA\ BCA\ MSW\ MLW અભ્યાસક્રમ અને સંસ્થાના જોડાણ બાબતે દરેક સભ્યને મોકલવામાં આવેલ નોંધ– દસ્તાવેજોના સંદર્ભે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૪ આથી ઠરાવવામાં આવે છે કે, કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુ ઓફ મેનેજમેન્ટ અને કોમ્પ્યુટર એજ્યુકેશન ખાતે ચાલતા **BBA\ BCA** અભ્યાસક્રમ તેમજ એસ. આર.કે. ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સ ખાતે ચાલતા **MSW\ MLW** અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ તેમજ ૨૦૦૮–૦૯ ના શૈક્ષણિક વર્ષ માટે 'જોડાણ' અંગે ભલામણ કરવી કે કેમ તે અંગે એકેડેમિક કાઉન્સિલ નો અભિપ્રાય મેળવવો.

૩. આગામી જૂન ૨૦૦૯થી શરૂ થતાં અભ્યાસક્રમો "Self finance" ધોરણે શરૂ કરવા અને અધ્યાપકશ્રીઓને આપવાના થતા પગાર નક્કી કરવા બાબતે ચર્ચા, વિચારણા અને નિર્ણય :

ઉપરોક્ત મુદ્દે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ : ૫ આથી ઠરાવવામાં આવે છે કે સેલ્ફ ફાયનાન્સ ધોરણે શરૂ કરવાના થતા અભ્યાસક્રમો બાબતે અને તેમાં નિમણૂંક થતા અધ્યાપકોને ચૂકવવાના થતા પગાર તથા તે માટે વિદ્યાર્થીઓ પાસેથી લેવાની થતી ફી બાબતે નીચેના સભ્યોની સમિતિ બનાવવામાં આવે છે.

સમિતિ :
૧. માનનીય કુલપતિશ્રી (અધ્યક્ષ)
૨. ડૉ. દર્શનાબેન ધોળકિયા (સભ્ય)
૩. ડૉ. ભગવાનભાઈ પટેલ (સભ્ય)
૪. ડૉ. તુષારભાઈ હાથી (સભ્ય)
૫. શ્રી પી.એમ. ભટ્ટ (સભ્ય)

આ સમિતિએ તેમનો અહેવાલ સભામાં રજૂ કરવાનો રહેશે.

૪. યુનિવર્સિટી કેમ્પસ પર ઈન્ડોર ગેમ્સના સાધનો વસાવવા માટે ચર્ચા, વિચારણા અને નિર્ણય:

ઠરાવ : ૬ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ ઉપર જરૂરિયાત અનુસારના રમત–ગમતના સાધનો વસાવવા રૂા.૧ લાખ (અંકે રૂપિયા એક લાખ પૂરા) ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે. આ માટે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં મિટિંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

---

(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj - KACHCHH